**મહીસાગરમાં નાયબ કલેક્ટરના ધામા** | સરકારી તિજોરીને ચૂનો ચોપડનારા તત્વો સામે લાલઆંખ

# મહીસાગરમાં કાગળ પર ‘ખુલ્લા પ્લોટ’ દર્શાવી સ્ટેમ્પ ડ્યુટીની ચોરીનું કૌભાંડ !

**કાગળ પ્લોટ અને સ્થળ પર બે માળના મકાનો જોવા મળતાં 29.74 લાખથી વધુની સ્ટેમ્પ ડ્યુટી ચોરી પકડાઈ!**

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨

મહીસાગર જિલ્લામાં સરકારી તિજોરીને મળવાપાત્ર આવકમાં ચૂનો ચોપડવાના કારસા સામે જિલ્લા વહીવટી તંત્રે લાલઆંખ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે. નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણા અને તેમની ટીમે હાથ ધરેલી આકસ્મિક સ્થળ તપાસ દરમિયાન દસ્તાવેજોમાં કાગળ પર ‘ખુલ્લા પ્લોટ’ દર્શાવીને સ્થળ પર બે માળના પાકાં બાંધકામો અને દુકાનો ચણી દેવાનું મસમોટું કૌભાંડ ઝડપી પાડ્યું છે. આ સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન કુલ ૧૨ વેચાણ દસ્તાવેજોમાં રૂ. ૨૯.૭૪ લાખથી વધુની ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી અને દંડની ચોંકાવનારી ગેરરીતિ સામે આવતા સમગ્ર પંથકમાં ભ્રષ્ટ તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મહીસાગર જિલ્લામાં સરકારને મળવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીની પૂરેપૂરી વસૂલાત થાય અને મિલકતના નોંધાયેલા દસ્તાવેજોની વિગતો તેમજ સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ વચ્ચે કોઈ વિસંગતતા ન રહે તે માટે નાયબ કલેક્ટરશ્રી દ્વારા સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. બાલાસિનોર તાલુકાની ‘સોમનાથ સોસાયટી’, ‘માધવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર’ તથા લુણાવાડાના ‘વ્રજ વિહાર’ ખાતે હાથ ધરાયેલી આકસ્મિક રૂબરૂ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. અહીંની મિલકતોના દસ્તાવેજો નોંધાવતી વખતે બજાર કિંમત ઓછી દર્શાવી સ્ટેમ્પ ડ્યુટી બચાવવા માટે મિલકતોને કાગળ પર ‘ખુલ્લા પ્લોટ’ તરીકે દર્શાવવામાં આવી હતી. પરંતુ અધિકારીઓએ જ્યારે રૂબરૂ સ્થળ તપાસ કરી ત્યારે ત્યાં બે માળના બાંધકામો તથા ધમધમતી દુકાનો અસ્તિત્વમાં હોવાનું જણાઈ આવ્યું હતું.

**સ્ટેમ્પ ડ્યુટી ચોરી કરવાનો કોઈપણ પ્રયાસ ચલાવાશે નહીં**



‘મહીસાગર જિલ્લામાં સરકારને મળવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીની સંપૂર્ણ વસૂલાત સુનિશ્ચિત થાય અને ગેરરીતિ અટકે તે માટે આગામી દિવસોમાં નોંધાયેલા દસ્તાવેજોની સ્થળ પર જઈને ચકાસણી કરવાની કામગીરી વધુ આક્રમક અને સઘન બનાવવામાં આવશે. આવી આકસ્મિક તપાસો સતત ચાલુ રાખવામાં આવશે.’ - **એચ. ટી. મકવાણા, નાયબ કલેક્ટર, મહિસાગર.**

‘રાત્રે સળગાવી એની રાખ એના બાપના ઘરે નાખી આવજે’

# માતર : મકાન લેવા સાસરિયાએ પરિણીતાને અસહ્ય ત્રાસ આપ્યો

**આણંદ મહિલા પોલીસ મથકે પતિ, સાસુ સહિત ૯ સાસરિયાં સામે ફરિયાદ નોંધાઈ**

(પ્રતિનિધિ) આણંદ તા.૨

માતર તાલુકાના સંધાણા ગામના સાસરિયાઓએ નવું મકાન લેવા પિયરમાંથી રૂ. ૧૦ લાખ લાવવાનું દબાણ કરી પરિણીતાને શારીરિક-માનસિક ત્રાસ આપ્યાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ગંભીર ઘટના સામે આવી છે. આ મામલે આણંદ મહિલા પોલીસ મથકે પતિ અને સાસુ સહિત કુલ ૯ સાસરિયાઓ સામે ગુનો નોંધાયો છે.

હાલ આણંદના મોગરી-જીટોડિયા રોડ પર પિયરમાં રહેતી કામિનીબેનના લગ્ન ડિસેમ્બર ૨૦૨૪માં સંધાણા (રોહિતવાસ) ખાતે રહેતા હરીશ ભાનુભાઈ રોહિત સાથે થયા હતા. લગ્નના થોડા સમય બાદ સંયુક્ત પરિવારમાં રહેતી કામિનીબેનને ઘરકામ બાબતે મહેણાંટોણા મારી શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું. પતિ હરીશ નવું મકાન ખરીદવા માટે પિયરમાંથી રૂ. ૧૦ લાખ લાવવા દબાણ કરીને મારઝૂડ કરતો હતો.

દરમિયાન સાસુ રમીલાબેને ઉશ્કેરાઈને પોતાના પુત્ર હરીશને કહ્યું હતું કે, મારે આ ઘરમાં એ જોઈતી નથી, એને બહાર કાઢી મૂક અને જો ના જાય તો રાત્રે સળગાવી એની રાખ એના બાપના ઘરે નાખી આવજે. આવી ભયાનક ધમકી મળતાં જીવનું જોખમ જણાતાં પરિણીતાએ તુરંત પોતાના પિયરીયાઓને જાણ કરી પિયર પરત આવી ગઈ હતી.

આ બનાવ સંદર્ભે પરિણીતાએ આણંદ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ હરીશ, સાસુ રમીલાબેન, નણંદો, દિયર, કાકાસસરા તેમજ જેઠ-જેઠાણી સહિત કુલ ૯ આરોપીઓ વિરુદ્ધ દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## આણંદ કલેક્ટર કચેરી ખાતે ગાંધી જયંતી નિમિત્તે સફાઇ ઝુંબેશ હાથ ધરાઇ



આણંદ કલેક્ટર કચેરી ખાતે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે ‘સ્વચ્છતા એ જ સેવા’ અને ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત વ્યાપક સફાઇ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. કલેક્ટર પ્રવીણ ચૌધરીના નેતૃત્વ હેઠળ તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર શ્રમદાન કરીને સફાઇ કામગીરી હાથ ધરી હતી. આ ઝુંબેશ દરમિયાન કચેરી પરિસરની સફાઇ, સોલાર પેનલ્સની સફાઇ તેમજ પીવાના પાણીની ગુણવત્તાની પણ ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત કલેક્ટરે તમામ શાખાઓનું રૂબરૂ નિરીક્ષણ કરી રેકોર્ડ વર્ગીકરણ અને બિનજરૂરી સામાનના યોગ્ય નિકાલ અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપી હતી.

**કરમસદ - આણંદ મનપા દ્વારા ૨.૪૬ લાખનો વેરો બાકી બોલતો હોવાથી આકરી કાર્યવાહી**

# આણંદમાં વેરો ન ભરનાર ૧૦ દુકાનો સીલ, સ્થળ પર ૨.૧૨ લાખની વસૂલાત

**બાકી વેરો ભરપાઈ કરી શહેરના વિકાસમાં સહભાગી બનવા અપીલ**

(પ્રતિનિધિ) આણંદ તા.૨

કરમસદ-આણંદ મનપા વિસ્તારને વધુ સુવિધાસભર બનાવવા અને સર્વાંગી વિકાસના ઉદ્દેશ્ય સાથે ટેક્સ વિભાગ દ્વારા હાથ ધરાયેલી સઘન વસૂલાત ઝુંબેશને સફળતા મળી છે. મહાનગરપાલિકાની રિકવરી ટીમે કડક કાર્યવાહી કરીને રૂ. ૨.૪૬ લાખનો બાકી વેરો ધરાવતી ૧૦ દુકાનોને સીલ કરી દીધી છે. જ્યારે કામગીરી દરમિયાન જાગરૂક મિલકત ધારકો પાસેથી સ્થળ પર જ રૂ. ૨.૧૨ લાખના બાકી વેરાની રોકડ વસૂલાત કરવામાં આવી છે.



આણંદ શહેરના સુચારુ સંચાલન અને નાગરિક સુવિધાઓ માટે સમયસર મિલકત વેરાની વસૂલાત અત્યંત મહત્વપૂર્ણ છે. ટેક્સ વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી આ ઝુંબેશ દરમિયાન વેરો ભરપાઈ ન કરનાર મિલકતો સામે નિયમાનુસાર આકરાં પગલાં લેવામાં આવ્યાં હતાં. બીજી તરફ, કેટલાક જાગરૂક મિલકત ધારકો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળતાં સ્થળ પર જ બાકી લેણી રકમ રોકડેથી ભરપાઈ કરી દેવામાં આવી હતી.

કરમસદ-આણંદ મનપા દ્વારા તમામ નગરજનોને પોતાનો બાકી મિલકત વેરો વહેલી તકે ચુકવી જવાબદાર નાગરિક તરીકેની ફરજ અદા કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. બાકી મિલકત વેરો ભરપાઈ કરીને શહેરના વિકાસમાં સહભાગી બનવા મનપા તંત્ર દ્વારા ખાસ અપીલ કરાઈ છે.

# બાલાસિનોરમાં ₹૧૦ લાખ લાવવા પરિણીતા પર ત્રાસ

**દુકાન ખોલવા રૂ. ૧૦ લાખની માંગણી કરી પરિણીતાને ઘરમાંથી કાઢી મૂકી**

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨

બાલાસિનોરના જૂની કચેરી કસ્બા મહોલ્લા ખાતે રહેતા સાસરિયાઓ વિરુદ્ધ ૨૩ વર્ષીય પરિણીતાએ દહેજ પેટે રૂ. ૧૦ લાખની માંગણી કરી શારીરિક અને માનસિક ત્રાસ ગુજાર્યો હતો.

બાલાસિનોરના પાયગા મહોલ્લામાં રહેતી લમ્હાબાનુના લગ્ન નવેમ્બર ૨૦૨૦માં મુસ્લિમ રીત-રિવાજ મુજબ મોહમ્મદ દાનીસ ઈરફાનખાન પઠાણ સાથે થયા હતા. આ લગ્નજીવન દરમિયાન તેમને ૧૧ માસનો એક પુત્ર છે. જોકે, લગ્નના થોડા સમય બાદ સાસુ ફરજાનાબીબી, સસરા ઈરફાનખાન, દિયર અને બે નણંદોએ ભેગા મળી “તારા માતા-પિતાએ લગ્નમાં કશું આપ્યું નથી, પિતા પાસેથી રૂ. ૧૦ લાખ લઈ આવ જેથી દાનીસને દુકાન ખોલી અપાય” તેમ કહી પરિણીતાને મેણાંટોણા મારી મારઝૂડ કરવાનું શરૂ કર્યું હતું.

દરમિયાન પતિ સાઉદી અરેબિયા જતો રહ્યો હતો, પરંતુ પાછળથી સાસરિયાનો ત્રાસ સતત ચાલુ રહ્યો હતો. આખરે પરિણીતાને પહેરેલા કપડે ઘરમાંથી કાઢી મૂકવામાં આવતાં તેણે પિયરમાં આશરો લીધો હતો. પરિવાર વચ્ચેના સમાધાનના પ્રયાસો નિષ્ફળ જતાં મહિલા પોલીસ સ્ટેશન મહીસાગર ખાતે પતિ મોહમ્મદ દાનીસ, સસરા, સાસુ, દિયર અને બે નણંદો મળી કુલ ૬ સાસરિયાઓ વિરુદ્ધ દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદમાં ગાંધીજીના ઐતિહાસિક લીમડાના ઓટલે સુતરની આંટી અર્પણ કરી નશાબંધી સપ્તાહની ઉજવણી

**નડિયાદ** | સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિર અને નશાબંધી અને આબકારી કચેરી, નડિયાદના સંયુક્ત ઉપક્રમે મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે ગાંધી જયંતિ અને નશાબંધી સપ્તાહની ઉજવણી કરાઇ હતી.



ગાંધીજીની મુલાકાતના સાક્ષી એવા સંસ્થાના ઐતિહાસિક લીમડાના ઓટલે જિલ્લા કલેક્ટર એન. વી. ઉપાધ્યાય સહિતના મહાનુભાવોએ સુતરની આંટી અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. તાલીમાર્થી બહેનો દ્વારા ભજનો, ગાંધીજીના જીવનમૂલ્યો પર નૃત્યનાટિકા રજૂ કરવામાં આવી હતી તથા કેમ્પસમાં વૃક્ષારોપણ કરાયું હતું. સમાજને વ્યસનમુક્ત બનાવવાના સંકલ્પ સાથે જનજાગૃતિ રેલી યોજી નશાબંધીનો સંદેશ વિસ્તારમાં પહોંચાડ્યો હતો.

### ચારુસેટ ખાતે ‘જેન્ડર સેન્સીટાઈઝેશન, ન્યુટ્રીશન અને PoSH અવેરનેસ’ અંગે સેમિનાર યોજાયો

**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટિ ચાંગાના Equal Opportunity Cell (EOC) દ્વારા ગુજરાત સરકારના જેન્ડર રિસોર્સ સેન્ટરના સહયોગથી SETU પ્રોગ્રામ અંતર્ગત સેમિનાર યોજાયો હતો.



આ એકદિવસીય સેમિનારમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા PoSH Act, ૧૮૧ મહિલા હેલ્પલાઈન, પોષણ અને જેન્ડર સેન્સીટાઈઝેશન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનારના અંતે ટેસ્ટ અને ફિડબેક સાથે વિદ્યાર્થીઓમાં સમાનતા, સુરક્ષા અને સશક્તિકરણની ભાવનાને પ્રોત્સાહન મળ્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદમાં રાજ્ય યોગ બોર્ડ દ્વારા મહા યોગ શિબિર યોજાઈ: ૫ હજારથી વધુ સાધકો જોડાયા



**નડિયાદ** | નડિયાદના યોગી ફાર્મ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે યોગ અને ધ્યાન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં એકસાથે ૫ હજારથી વધુ યોગસાધકોએ યોગ તથા ધ્યાન કરીને નવી ઊર્જા પ્રાપ્ત કરી હતી. યોગ બોર્ડના ચેરમેન શીશપાલજી અને કલેક્ટર એન.વી. ઉપાધ્યાયએ લોકોને નિરોગી રહેવા દૈનિક યોગ કરવા અપીલ કરી હતી. આ સમાપન પ્રસંગે તમામ યોગસાધકોએ સમતોલ આહાર અપનાવવા અને નશાથી મુક્ત રહેવાના દ્રઢ સંકલ્પ લીધા હતા.

### કરમસદ-આણંદ મનપા દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત પ્રભાત ફેરીનું આયોજન

**આણંદ** | આણંદ મહાનગરને વધુ સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ બનાવવાના હેતુથી કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા



“સ્વચ્છતા હી સેવા-૨૦૨૬” અભિયાન અંતર્ગત પ્રભાત ફેરી યોજવામાં આવી હતી. મેયર દીપિકાબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ ફેરી દ્વારા નાગરિકો પોતાના પરિસરને સ્વચ્છ રાખવાની સામૂહિક જવાબદારી નિભાવે તે માટે અપીલ કરવામાં આવી હતી. “સ્વચ્છતા મારી જવાબદારી” ના પ્રેરણાદાયી મંત્ર સાથે આ પ્રભાત ફેરી સ્વચ્છતાના સંદેશા સાથે મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. આ જાગૃતિ અભિયાનમાં નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી એસ. કે. ગરવાલ, સેનીટેશન કમિટીના ચેરમેન મયૂરભાઈ પટેલ, મનપાના અધિકારીઓ અને વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

### આણંદમાં કેપ્ટન સ્મિત મચ્છારના શીઘ્ર સ્વાસ્થ્ય સુધારા માટે વિશેષ પ્રાર્થના-આરતી યોજાઈ



**આણંદ** | દુબઈની ફ્લાઇટમાં સર્જાયેલી ગંભીર સ્થિતિ દરમિયાન બહાદુરી દર્શાવનાર ગુજરાતી પાયલટ કેપ્ટન સ્મિત મચ્છારના ઝડપી સ્વાસ્થ્ય સુધારા માટે આણંદ જિલ્લા ભાજપ દ્વારા વિશેષ આરતી અને પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદના ગોયા તળાવ સ્થિત અંબાજી મંદિરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણીઓ અને નાગરિકોએ દીપ પ્રગટાવી, ધૂન તથા આરતી દ્વારા મા અંબાના ચરણોમાં પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે સંજયભાઈ પટેલ, ધારાસભ્યો, વિવિધ હોદ્દેદારો અને મોટી સંખ્યામાં નાગરિકોએ હાજર રહી તેમના શીઘ્ર સ્વસ્થ થવાની કામના કરી હતી.

### આણંદની એન. એસ. પટેલ આટ્ર્સ કોલેજ ખાતે હિંદી સપ્તાહ પુરસ્કાર વિતરણ સમારંભ યોજાયો

**આણંદ** | આણંદ સ્થિત બેંક ઓફ ઈન્ડિયાની શાખા અને એન. એસ. પટેલ આટ્ર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે કોલેજના સ્વ. રવિશંકર



મહારાજ ઓડિટોરિયમમાં હિંદી સપ્તાહનો ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો. સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી અન્વેષભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં સરદાર પટેલ યુનિવર્સિટીની NCC બટાલિયન દ્વારા મહેમાનોને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ પદેથી બેંક ઓફ ઈન્ડિયાના ઝોનલ મેનેજર વિવેક તિવારી અને અન્ય ઉપસ્થિત મહાનુભાવોએ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો આપી સન્માનિત કર્યા હતા.

### આણંદની જમીન દફતર કચેરીના કર્મચારીઓએ હડતાળ વચ્ચે પણ માનવતા દાખવી રક્તદાન કર્યું

**આણંદ** | આણંદ જિલ્લા જમીન દફતર કચેરીના કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓને લઈને તા. ૨૧ સપ્ટેમ્બરથી અચોક્કસ



મુદતની હડતાળ પર છે. હડતાળનું આંદોલન ચાલુ હોવા છતાં કર્મચારીઓએ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવીને રક્તદાન કર્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તનો સંગ્રહ કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. પોતાની માંગણીઓ વચ્ચે પણ રક્તદાન જેવા પુણ્યકાર્યનો સંદેશ આપનારા કર્મચારીઓના આ અભિગમની ઉપસ્થિત લોકો દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.

### નડિયાદની શાળાઓમાં સરદાર પટેલના પ્રેરક પ્રસંગો દર્શાવતો કઠપૂતળી ખેલ યોજાયો



**નડિયાદ** | સરદાર સેવા સંગઠન, નિરાંત વિવિધ સેવા ટ્રસ્ટ અને ખેડા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે સેવા સંકલ્પ અંતર્ગત કઠપૂતળી ખેલનું આયોજન કરવામાં આવ્યું હતું. નડિયાદની સંતરામ ગર્લ્સ સ્કૂલ, બાસુદીવાલા સ્કૂલ અને વિવેકાનંદ સ્કૂલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. કલાકાર હિતેશ બ્રહ્મભટ્ટ અને તેમની ટીમ દ્વારા સરદાર પટેલના પ્રસંગો દર્શાવતું આ કઠપૂતળી ખેલ અભિયાન ૩૧ ઓક્ટોબર સુધી આખો મહિનો ચાલશે. આ સંગઠનના પ્રમુખ બિપીનભાઈ પટેલ, હોદ્દેદારો તથા વિવિધ શાળાઓના આચાર્યગણની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### કપડવંજની ઇન્દ્રપ્રસ્થ રેસિડેન્સીમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે ‘શ્રીમદ ભાગવત સપ્તાહ’ની પૂર્ણાહુતિ



**કપડવંજ** | કપડવંજના દાણા રોડ પર આવેલી ઇન્દ્રપ્રસ્થ રેસિડેન્સીમાં પવિત્ર ભાદરવા માસ નિમિત્તે ‘શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ’નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવના પ્રથમ દિવસે ભવ્ય પોથીયાત્રા નીકળી હતી અને હાલીસાના કથા-પ્રવક્તા પૂજ્ય ગોપાલદાસજી મહારાજે સુમધુર વાણીમાં સંગીતમય કથાપાન કરાવ્યું હતું. આ સપ્તાહ દરમિયાન શિવ વિવાહ, ધામધૂમથી કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન પૂજા, તુલસી વિવાહ અને પિતૃતર્પણ જેવા વિવિધ ધાર્મિક મનોરથો ઉલ્લાસભેર ઉજવાયા હતા.

### કપડવંજ જડાવબા શિશુ કેન્દ્રમાં ઉત્સાહભેર ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી

**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી જડાવબા શિશુ કેન્દ્ર ખાતે બાળકોને મહાત્મા ગાંધીજીના જીવન, સાદગી, સત્ય




અને અહિંસાના આદર્શો વિશે સમજ આપવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે કેટલાક બાળકોએ ગાંધીજીનો અનોખો વેશ ધારણ કર્યો હતો, જ્યારે અન્ય બાળકોએ દાંડી યાત્રાનું સુંદર પ્રસ્તુતિકરણ કર્યું હતું. આ મનોરંજક પ્રસ્તુતિકરણ દ્વારા બાળકોને ગાંધીજીના સત્યાગ્રહ તેમજ સ્વાતંત્ર્ય સંગ્રામના મહત્વનો સરળ પરિચય મળ્યો હતો. આ સમગ્ર આયોજનનો મુખ્ય હેતુ ભૂલકાંઓમાં દેશપ્રેમ, સત્ય, અહિંસા અને રાષ્ટ્રીય મહાનુભાવો પ્રત્યે સન્માનની ભાવના કેળવવાનો હતો.

### કપડવંજની કન્યાશાળામાં કચરા વ્યવસ્થાપન અને વિભાજન અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**કપડવંજ** | કપડવંજ નગરપાલિકાના ચીફ ઓફિસર મેહુલ પરમારના માર્ગદર્શન હેઠળ સેનેટરી ઇન્સ્પેક્ટર કાજલબેન અને તેમની ટીમ દ્વારા કન્યાશાળામાં સ્વચ્છતા અભિયાન યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને ચાર પ્રકારના કચરાનું વિભાજન કરવા અને તેને યોગ્ય ડસ્ટબિનમાં નાખી સ્વચ્છતા જાળવવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ‘આજના વિદ્યાર્થીઓ, આવતીકાલના સ્વચ્છતા દૂત’ ભાવના સાથે વિદ્યાર્થીઓને પોતાના ઘર અને શાળામાં સ્વચ્છતા જાળવવા પ્રોત્સાહિત કરાયા હતા.